**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : શીતલ વૈશ્નવ**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 05-06-2024** **સમય : સવારે 6.50 વાગ્યે**

---

## લોકસભા ચૂંટણી 2024- જનાદેશ

લોકસભાની ચૂંટણીમાં જનાદેશ ફરી એકવાર નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર રચવા માટે સ્પષ્ટ રહ્યો છે. 543 બેઠકોમાંથી એનડીએને 291 બેઠકો મળી છે જ્યારે ઇન્ડિયા ગઠબંધનને 233 બેઠકો મળી છે. ભારતીય જનતા પાર્ટી સૌથી મોટા પક્ષ તરીકે આગળ છે. તેને 240 બેઠકો મળી છે જ્યારે કોંગ્રેસને 99 બેઠકો મળી છે. અન્ય પક્ષોની વાત કરીએ તો એનડીએના સાથી પક્ષોમાં જનતા દળ યુનાઇટેડને 12 બેઠકો અને તેલુગુ દેશમ પાર્ટીને 16 બેઠકો મળી છે.

ઇન્ડિયા ગઠબંધનમાં તૃણમૂલ કોંગ્રેસને 29 બેઠકો, સમાજવાદી પાર્ટીને 37 બેઠકો, શિવસેના (ઉધ્ધવ ઠાકરે)ને દસ અને ડીએમકેને 22 બેઠકો, શરદ પવાર- એનસીપીને સાત બેઠકો મળી છે.

ભાજપે પાંચ રાજ્યોમાં તમામ લોકસભા બેઠક કબ્જે કરી છે, જેમાં દિલ્હીની સાત, ઉત્તરાખંડની પાંચ, મધ્યપ્રદેશ અને હિમાચલ પ્રદેશની

ચાર-ચાર અને ત્રિપુરાની બે બેઠકોનો સમાવેશ થાય છે. જો કે, સૌથી વધુ 80 બેઠકો ધરાવતા ઉત્તરપ્રદેશમાં એનડીએને ફટકો પડ્યો છે. ભાજપને 30, જ્યારે સમાજવાદી પાર્ટીને 36, કોંગ્રેસ પાંચ અને રાષ્ટ્રીય લોકદળ બે બેઠક પર આગળ છે.

કોંગ્રેસનાં નેતા શશી થરૂરે થિરુવનંતપુરમ બેઠક પર કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખરને 16 હજારથી વધુ મતોથી પરાજય આપ્યો છે. કોંગ્રેસના કે સી વેણુગોપાલ અલપ્પુઝા બેઠક પરથી જીત્યા છે. . કેરળમાં ભાજપનું ખાતુ ખૂલ્યું હતું. થ્રિશુર સીટ પર સુરેશ ગોપી 75 હજાર મતોથી જીત્યા છે.

વારાણસી બેઠક પરથી પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી કોંગ્રેસના અજય રાય સામે 1 લાખ બાવન હજાર મતોથી જીત્યા છે. કોંગ્રેસ અગ્રણી રાહુલ ગાંધી વાયનાડ અને રાયબરેલી બંને બેઠકો પરથી વિજેતા જાહેર થયા છે.

વિદિશા બેઠક પરથી ભાજપના શિવરાજસિંહ ચૌહાણે સમગ્ર દેશમાં સૌથી વધુ આઠ લાખ 20 હજારથી વધુ મતોથી જીત હાંસલ કરી છે.

**RNU અમદાવાદ**

---

## શ્રી મોદીની ત્રીજી વખત જીત

ભાજપના અગ્રણી નેતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશની સૌથી હાઈપ્રોફાઈલ વારાણસી લોકસભા સીટ પરથી સતત ત્રીજી વખત જીત મેળવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના નજીકના હરીફ અજય રાયને 1,52,513 મતોથી હરાવ્યા હતા. પ્રધાનમંત્રી હેટ્રિક જીતની જાહેરાત થતાની સાથે જ, ભાજપના કાર્યકરો ઉજવણી કરવા માટે રસ્તા પર ઉતરી આવ્યા હતા. કાર્યકરોએ ફટાકડા ફોડી અને એકબીજાને મીઠાઈ ખવડાવી ખુશી વ્યક્ત કરી હતી..

**RNU અમદાવાદ**

---

## કચ્છ-મોરબીમાં વિનોદ ચાવડાની જીત

લોકસભા સામાન્ય ચૂંટણી 2024માં કચ્છ-મોરબીની લોકસભા બેઠક પર 27 રાઉન્ડના અંતે ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડાની જીત થઇ છે. તેમને કુલ 6 લાખ 59 હજાર 575 મતો મળ્યા છે જ્યારે તેમના હરીફ કોંગ્રેસના ઉમેદવાર નિતેશ લાલણને 3 લાખ 90 હજાર 792 મત મળ્યા છે. કચ્છ-મોરબી મત વિસ્તારની લોકસભા બેઠક પર ભાજપ અને કોંગ્રેસ સિવાય અન્ય 9 ઉમેદવારોએ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું હતું. આ નવ ઉમેદવારોને મળીને કુલ 81 હજાર 149 મત મળ્યા છે. જ્યારે 18742 મતદારોએ નોટા પર પસંદગી ઉતારી છે. ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડા 2 લાખ 67 હજાર 595 મતોથી કોંગ્રેસના હરીફ

ઉમેદવાર સામે સરસાઇ મેળવી છે. કચ્છ-મોરબી લોકસભા બેઠક પર કુલ 10 લાખ 95 હજાર 157 મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. સૌથી વધુ ભુજ વિધાનસભા મત વિસ્તારમાંથી 1 લાખ 69 હજાર 706 મત પડ્યા છે જ્યારે સૌથી ઓછા 1 લાખ 20 હજાર 696 મત રાપર વિધાનસભા બેઠકમાંથી પડ્યા છે. જ્યારે 1 લાખ 69 હજાર 417 મત મોરબી વિધાનસભા મત વિસ્તારમાંથી પડ્યા છે.

પરેશ મારૂ

-----------------------------------------------------------------------

## પેટા ચૂંટણીમાં ભાજપની જીત

લોકસભા ચૂંટણીની સાથે સાથે યોજાયેલી વિધાનસભાની પેટાચૂંટણીમાં ભાજપે પાંચેય બેઠકો પર જીત મેળવી છે. જેમાં  પોરબંદરની બેઠક પર ભાજપના ઉમેદવાર અર્જુન મોઢવાડિયા, ખંભાત બેઠક પર કોંગ્રેસના મહેન્દ્રસિંહ પરમાર, વિજાપુર વિધાનસભા બેઠક પર ભારતીય જનતા પાર્ટીના ડો. સી.જે. ચાવડા, વાઘોડિયા બેઠક પર ભાજપના ધર્મેન્દ્રસિંહ વાઘેલા, માણાવદર વિધાનસભા બેઠક ઉપર ભાજપના અરવિંદભાઇ લાડાણી વિજય થયા હતા.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------

# પર્યાવરણ દિવસ

આજરોજ પાંચમી જૂન દર વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણી પાછળનો હેતુ સમગ્ર વિશ્વમાં લોકોને પર્યાવરણ પ્રત્યે જાગૃત કરવાનો છે. આ યુનાઇટેડ નેશન્સ ઇન્ટરનેશનલ ડેમાં 150થી વધુ દેશોના લોકો ભાગ લે છે. સ્વચ્છ પર્યાવરણ અને સુરક્ષિત ધરતી બનાવવા માટે વિવિધ જાગૃતિ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવે છે.

શીતલ વૈશ્નવ

---------------------------------------------------------------------